**પીપીપી મોડલ આધારિત રેસિડેન્શિયલ**

**સ્કૂલ્સ ઓફ એક્સલન્સ**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**સચિવાલય ગાંધીનગર**

**GR No. SSA/1121/267258/CH**

**તારીખ: 31 જુલાઈ, 2021**

**-: ઠરાવ: -**

**પ્રસ્તાવના:**

ગુજરાત રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2021-22માં મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સની શરૂઆત કરવામાં આવી છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું એક મહત્વનું ઘટક રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ (RSE) છે, જેનો હેતુ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વગ્રાહી શિક્ષણ આપવાનો છે.

હાલ રાજ્યમાં સરકારી નિવાસી શાળાઓના રૂપમાં જવાહર નવોદય વિદ્યાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) જેવી નિવાસી શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં પ્રવેશ માટે દર વર્ષે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે આથી રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તાની નિવાસી શાળાઓની જરૂરિયાત છે, અને તેને પહોંચી વળવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડેલ પર વિશ્વસ્તરની રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સની (Residential Schools of Excellence - RSE) સ્થાપના માટેની નીતિ બનાવવાનો નિર્ણય કર્યો છે.

**ઉદ્દેશ:**

1. રાજ્યભરની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા સૌથી તેજસ્વી (પ્રતિભાશાળી) વિદ્યાર્થીઓની ઓળખ કરવી અને તેમને ધોરણ- 6 થી 12 સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું નિવાસી શાળા શિક્ષણ નિઃશુલ્ક આપવું.
2. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આધુનિક શૈક્ષણિક માળખું, નિવાસી છાત્રાલયની સુવિધા, રમતગમતની સુવિધાઓ, કલા અને કૌશલ્ય તાલીમ જેવી સુવિધાઓ પૂરી પાડવી.

3. શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓ, ઉચ્ચ અધ્યાપન સામગ્રી, વૈકલ્પિક શૈક્ષણિક માધ્યમ વગેરે બાબતો, જે શ્રેષ્ઠ ખાનગી શાળાઓમાં હોય છે, તેવી જ સુવિધાઓ આ નિવાસી શાળાઓમાં પ્રદાન કરાવવી.
4. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શોધીને તેમની પ્રતિભાનું સંવર્ધન કરવું, તેમને કારકિર્દી માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરાવવી અને JEE, NEET અને સિવિલ સર્વિસિસ પરીક્ષા જેવી અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે શ્રેષ્ઠ કોચિંગની સુવિધાઓ પૂરી પાડવી.
5. ઉપરોક્ત તમામ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા માટે ધોરણ- 6 થી 12ના કુલ 100,000 વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ પીપીપી મોડેલમાં સ્થાપવી, જેથી આગામી 3 થી 5 વર્ષમાં તમામ ધોરણ 6 થી 12 કાર્યરત થાય ત્યારે જે તે શૈક્ષણિક વર્ષમાં તમામ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સમાં કુલ મળીને 100,000 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે.

**ઠરાવ:**

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના ભાગરૂપે ખાનગી વ્યક્તિઓ, સંસ્થાઓ, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળના પ્રકલ્પો અને/અથવા તેમના ભાગીદારોને રાજ્યભરમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડેલ પર રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવા આ નીતિ જાહેર કરવાનો નિર્ણય કરે છે. આ નીતિનો ઉદ્દેશ ધોરણ 1 થી 5 સુધી સરકારી અને અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા સૌથી વધુ પ્રતિભાશાળી બાળકોને ધોરણ 5ના અંતે ઓળખવા, અને તેમને ધોરણ 6 થી 12માં શ્રેષ્ઠ ગુણવત્તા સાથે નિઃશુલ્ક નિવાસી શાળાકીય શિક્ષણ આપવાનો છે.

1) **શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની ભૂમિકા:**

a) **સરકારી/અનુદાનિત શાળાઓમાંથી વિદ્યાર્થીઓને પ્રવેશ:**

આ શાળાઓ માટે સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું સંચાલન શિક્ષણ વિભાગ કરશે. ધોરણ- 1 થી 5 દરમિયાન સરકારી તથા સરકાર અનુદાનિત શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ- 5ના અંતે રાજ્ય કક્ષાની કોમન પ્રવેશ પરીક્ષામાં ભાગ લઇ, મેરીટ આધારે આ નિવાસી શાળાઓના ધોરણ- 6માં પ્રવેશ મેળવવાને પાત્ર રહેશે. ખાલી રહેતી જગ્યાઓના આધારે ધોરણ-6 પછીના ધોરણોમાં પ્રવેશ પસંદગીની એકસમાન પ્રક્રિયા દ્વારા પ્રવેશ થઇ શકશે. તમામ જિલ્લાઓમાંથી વસ્તીના પ્રમાણસર પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કક્ષાની મેરિટ યાદી બનશે. પ્રવેશમાં કુમાર, કન્યાઓનું યોગ્ય પ્રતિનિધિત્વ પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

**b) પ્રોજેક્ટ પાર્ટનર્સની પસંદગી:**

શિક્ષણ વિભાગ ખાનગી વ્યક્તિઓ, સંસ્થાઓ, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અને/અથવા ભાગીદારોને પ્રોજેક્ટ પાર્ટનર બનવાની ઇચ્છા (તૈયારી) માટે પ્રોત્સાહિત કરવા તબક્કાવાર EOI (Expression of Interest) રજૂ કરવા જાહેર આમંત્રણ આપશે. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા (ગુજરાત શાળા શિક્ષણ પરિષદ)ની અધ્યક્ષતામાં સરકારી અધિકારીઓ, શિક્ષણવિદો અને ઉચ્ચ ગુણવત્તાવાળી મોટી નિવાસી શાળાઓ ચલાવવામાં કુશળ અને અનુભવી વ્યક્તિઓની સમિતિ દ્વારા ચકાસણીની પ્રક્રિયા કરવામાં આવશે. આ સમિતિ, પસંદગી પામેલા અરજદારોની મંજૂરી માટેની ભલામણ - સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની અધ્યક્ષતાવાળી ગવર્નિંગ કાઉન્સિલને કરશે.

**c) પ્રોજેક્ટ પાર્ટનર્સ માટે માર્ગદર્શિકા જાહેર કરવી:**

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર આ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સની સ્થાપના અને સંચાલન માટે પ્રોજેક્ટ પાર્ટનર્સ માટે વિગતવાર માર્ગદર્શિકા અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) બહાર પાડશે.

**d) રિકરિંગ ખર્ચમાં સહાય:**

આ સમગ્ર મૂડી રોકાણ પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવનાર છે, અને પ્રોજેક્ટ પાર્ટનર્સને રિકરિંગ ખર્ચ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે દરેક વિદ્યાર્થી દીઠ ઉચ્ચક રકમ આપવામાં આવશે, જેની વિગતો આ સાથે સામેલ ઠરાવના પરિશિષ્ટ મુજબ રહેશે.

**2) <u>પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) માં પ્રોજેક્ટ પાર્ટનર્સની ભૂમિકા:</u>**

શિક્ષણ વિભાગ ખાનગી વ્યક્તિઓ, સંસ્થાઓ અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR)ના પ્રકલ્પો હેઠળ ભાગીદારી કરવા માંગે છે, જેથી તેઓના હાલના સંસાધનો, વિવિધ ક્ષેત્રોની કુશળતા અને મુખ્ય ક્ષમતાઓનો મહત્તમ લાભ રાજ્યના વિદ્યાર્થીઓને આપી શકાય. આ શાળાઓ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડેલ હેઠળ વિકસાવવામાં આવશે.

**a) વ્યક્તિગત અથવા વ્યક્તિઓ / સંસ્થાઓના જૂથ સાથે ભાગીદારી:**

આ પ્રોજેક્ટમાં ભાગ લેવા માટે રસ ધરાવતી વ્યક્તિઓ, સંસ્થાઓ, CSR પ્રકલ્પો - રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ સ્થાપવા માટે અરજી કરી શકે છે. આ શાળાઓની સ્થાપના માટે એક કરતા વધુ વ્યક્તિઓ અથવા સંસ્થાઓની ભાગીદારીને પણ માન્ય રાખવામાં આવશે.

**b) શાળા શિક્ષણમાં પ્રમાણિત અનુભવ:**

આ PPP પ્રોજેક્ટમાં પાર્ટનર બનવા ઇચ્છતી દરેક વ્યક્તિ અથવા સંસ્થા અથવા ભાગીદારો પાસે વ્યક્તિગત રીતે અથવા ભાગીદારો પૈકી કોઈ એક પાસે શાળા શિક્ષણમાં કામ કરવાનો પ્રમાણિત અનુભવ હોવો જરૂરી છે. શાળાકીય શિક્ષણમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓળખ, માન્યતા અને પ્રતિષ્ઠા ધરાવતા લોકોને પસંદગી દરમિયાન પ્રાધાન્યતા આપવામાં આવશે.

**c) સમગ્ર પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા જમીન અને મૂડી રોકાણ:**

રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ સ્થાપવા માટેનું સંપૂર્ણ મૂડીરોકાણ પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવશે. પ્રોજેક્ટ પાર્ટનર્સ સમયાંતરે જરૂરી સમગ્ર સિવિલ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે જમીન અને રોકાણ કરશે. તેઓએ શાળાનું બિલ્ડિંગ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આવાસ સુવિધા, ડાઇનિંગ હોલ, ઇનડોર અને આઉટડોર રમતગમતની સુવિધાઓ, મલ્ટીપર્પઝ એક્ટિવિટી રૂમ, ઓડિટોરિયમ અને સ્માર્ટ ક્લાસરૂમ તથા કમ્પ્યુટર લેબ્સ જેવા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત અદ્યતન ભૌતિક માળખાકીય સુવિધાઓ પોતાના ખર્ચે ઉભી કરવી પડશે.

**d) વાઇબ્રન્ટ લર્નિંગ ઇકોસિસ્ટમ માટે વિશાળ કેમ્પસ:**

આ પ્રોજેક્ટ હેઠળની નિવાસી શાળાઓનું પરિસર (કેમ્પસ) ન્યૂનતમ 2000 વિદ્યાર્થીઓની ક્ષમતા વાળું અને મહત્તમ 10,000 વિદ્યાર્થીઓની ક્ષમતા વાળું રહેશે. એક પ્રોજેક્ટ પાર્ટનર એક અથવા વધુ કેમ્પસમાં થઇ મહત્તમ 10,000 વિદ્યાર્થીઓ માટે અરજી કરી શકે છે. વિશાળ કેમ્પસના કારણે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો શ્રેષ્ઠ ઉપયોગ થશે અને વિવિધ જિલ્લાઓના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વચ્ચે ક્રોસ લર્નિંગ અને પીઅર લર્નિંગમાં પણ મદદરૂપ થશે. ભવિષ્યમાં આવા કેમ્પસ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020માં જણાવ્યા અનુસાર વિશેષ શૈક્ષણિક ઝોન તરીકે પણ વિકસિત કરી શકાશે.

**e) ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો મહત્તમ ઉપયોગ:**

રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સની જરૂરીયાતો અને માપદંડો અનુસાર તેમની હાલની ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓને અપગ્રેડ કરવાની ઇચ્છા ધરાવતી ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓને આમ કરવાની મંજૂરી આપવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા નિયુક્ત ટેકનિકલ નિષ્ણાતોની સમિતિ આવીને માળખાકીય સુવિધાઓની તપાસ કરશે તેમજ જરૂરીયાતો અને માપદંડોની પૂર્તતા કર્યા બાબતે પ્રમાણિત કરશે.

**f) પ્રોજેક્ટ પાર્ટનર દ્વારા મેનેજમેન્ટ માટે માનવ બળ:**

આ પ્રોજેક્ટના સમગ્ર વ્યવસ્થાપન માટે પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા માનવ બળની નિમણૂક ઓવરઓલ ગાઈડલાઈન્સ મુજબ કરવામાં આવશે. આ શાળાઓમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફને પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરારના આધારે ભરતી કરવામાં આવશે, કર્મચારીઓ સાથે પ્રોજેક્ટ પાર્ટનર્સ સીધા કરાર કરશે અને તેમના તમામ પગાર અને ભથ્થાં ચૂકવશે. આ પ્રોજેક્ટ હેઠળ નિમણૂક થયેલા કર્મચારીઓને કોઈ પણ સમયે સરકારી કર્મચારી ગણવામાં આવશે નહિં અને ભવિષ્યમાં પણ તેઓ સરકારી કર્મચારી હોવા તરીકેનો કોઈ કાયદેસર હકદાવો કરી શકશે નહિં. આ કર્મચારીઓની સેવાકિય સંબંધિત તમામ બાબતોની જવાબદારી પ્રોજેક્ટ પાર્ટનર્સની રહેશે. આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રોજેક્ટ પાર્ટનર અને કરાર આધારિત કર્મચારી વચ્ચેનો કરાર કરવાનો રહેશે.

**g) ઉચ્ચતમ શૈક્ષણિક ધોરણો જાળવવા માટે શ્રેષ્ઠ શિક્ષકોની નિમણુંક:**

શિક્ષકો માટે પગાર અને પ્રોત્સાહનો માટે નિર્ધારિત કરીને ફાળવેલ રકમ માત્ર શિક્ષકોના ઉચ્ચક રકમના પરિશિષ્ટમાં જણાવેલ પગાર અને પ્રોત્સાહનો માટે જ ખર્ચ કરી શકશે અને અન્ય કોઈ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહીં. શ્રેષ્ઠ લાયકાત, અનુભવ અને યોગ્યતા ધરાવતા શિક્ષકોની ભરતી કરવામાં આવે તથા તેમને જાળવી રાખવામાં આવે તે માટે તેમને યોગ્ય મહેનતાણું આપવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે. ઉચ્ચ કામગીરીની ખાતરી કરવા માટે સ્ટાફની સઘન તાલીમ, દેખરેખ અને માર્ગદર્શન હાથ ધરવામાં આવશે.

**h) સુચારુ નાણાકીય વ્યવસ્થાપન:**

રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સને ફાળવવામાં આવેલી રકમ નાણાંકીય ઔચિત્ય અને કાર્યપદ્ધતિને ધ્યાને લઇ સુચારુ રીતે વાપરવામાં આવશે. કોઈ એક નાણાંકીય વર્ષમાં આ રીકરીંગ ખર્ચમાંથી કોઈ બચત થાય તો તે નાણાં અલગથી જમા રાખવા જેથી પાછળ જરૂરિયાત સમયે અથવા ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભંડોળ ભેગું કરી શકાય.આ બચેલા નાણાંનો અન્ય કોઈ કાર્ય/પ્રોજેક્ટ માટે કોઈ પણ સંજોગોમાં ઉપયોગ કરી શકાશે નહિ.

## 3) વ્યવસ્થાપન માળખું અને મોનીટરીંગની પદ્ધતિ:

### a) અમલીકરણ એજન્સી:

આ પ્રોજેક્ટ માટે સમગ્ર શિક્ષા - ગુજરાત શાળા શિક્ષણ પરિષદ (GCSE) શિક્ષણ વિભાગની અમલીકરણ સંસ્થા રહેશે. આ શાળાઓ માટે સંપૂર્ણ મોનિટરિંગ, રિપોર્ટિંગ, નાણાંકીય વ્યવસ્થાપન અને ઓડિટિંગની જવાબદારી GCSEની રહેશે.

### b) ગવર્નિંગ કાઉન્સિલ :

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવશ્રીની અધ્યક્ષતામાં રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે ગવર્નિંગ કાઉન્સિલ રહેશે. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા તેના સભ્ય સચિવ રહેશે. તેમાં GSHSEBના અધ્યક્ષ, કમિશનરશ્રી શાળાઓ, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રી GCERT, નાણાં વિભાગના પ્રતિનિધિ તથા આ બાબતોનો અનુભવ ધરાવતા ત્રણ શિક્ષણવિદો સ્વતંત્ર સભ્યો હશે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સચિવશ્રીની અધ્યક્ષતાવાળી ગવર્નિંગ કાઉન્સિલ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલી આ નીતિના વ્યાપક માળખાની અંદર રહી તમામ જરૂરી નિર્ણયો અને પગલાંઓ લેવા માટે અધિકૃત રહેશે.

### c) વિશિષ્ટ અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોર્ડ તથા નિષ્ણાતો સાથે પરામર્શ કરીને આ શાળાઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિ વિકસાવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ, ગુજરાતીથી અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓને પરાગમન કરવા માટે ધોરણ- 6 થી 8માં ગુજરાતી અને અંગ્રેજીનું દ્વિભાષી શૈક્ષણિક માધ્યમ હશે. જેમ જેમ તેઓ ધોરણ- 9 થી 12 સુધી પહોંચશે, તેમ તેમ વિષય અને શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી પર વધુ ભાર મૂકવામાં આવશે. આ શાળાઓનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને હાયર ઓડર થીન્કિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ કેપેસિટી, લર્નિંગ બાય ડુઇંગ, મૂલ્ય આધારિત શિક્ષણ, સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાની સમજ, અસરકારક સંવાદની કળાઓમાં સજ્જ કરવાનો રહેશે.

**d) કૌશલ્યવર્ધન કરવા પર ભાર:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 અનુસાર આ શાળાઓમાં બાળકો વિવિધ કૌશલ્યો પ્રાપ્ત કરે તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત થશે. ખાસ કરીને 21મી સદીની ટેકનોલોજી આધારિત સ્કીલ પર વધુ ભાર આપવામાં આવશે, અને આ કૌશલ્યો વિદ્યાર્થીઓને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ કરશે.

**e) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પર ભાર:**

બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ અને જન્મજાત પ્રતિભાઓના સંવર્ધન માટે યોગ, રમતગમત, અને કલા જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પર ખાસ ભાર મૂકવામાં આવશે. પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા તે માટે અલાયદા શિક્ષકો રાખવામાં આવશે.

**f) સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કારકિર્દી માર્ગદર્શન અને કોચિંગ:**

આ વિદ્યાર્થીઓને તમામ સંભવિત કારકિર્દી વિકલ્પો માટે યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવામાં આવશે. JEE અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગની અલગ વ્યવસ્થા કરવામાં આવશે. આ શાળાઓમાં NDA, NID, NIFT, Combined Defence Services, Civil Services અને ખાનગી ક્ષેત્રની તકો જેવા અન્ય કારકિર્દી અને ઉચ્ચ અભ્યાસના વિકલ્પો માટે પણ વિદ્યાર્થીઓને સપોર્ટ આપવામાં આવશે.

**g) સઘન મોનીટરીંગ, મૂલ્યાંકન અને ગુણાંકન:**

આ શાળાઓના દરેક બાળકની પ્રગતિને ઝીણવટથી ટ્રેક કરવા માટે કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરની મદદથી બાળકોનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન અને સત્રાંત મૂલ્યાંકન કરવામાં આવશે.આ શાળાઓમાં ગુણવત્તાનાં ઉચ્ચ ધોરણોને સુનિશ્ચિત કરવા માટે આ શાળાઓનું સમયાંતરે Gujarat School Quality Accreditation Council (GSQAC) દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.

**h) પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા શ્રેષ્ઠ સંચાલન:**

પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા શાળા વ્યવસ્થાપન, શૈક્ષણિક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, હાઉસ કીપિંગ, મેસ એન્ડ ફૂડ મેનેજમેન્ટ, IT અને MIS મેનેજમેન્ટ, એકાઉન્ટિંગ અને ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ, મેડિકલ સર્વિસીસ, ચાઇલ્ડ કાઉન્સેલિંગ અને કન્યાઓના સલામતી અને સુરક્ષિત વાતાવરણ માટેના અભિગમ જેવા ક્ષેત્રોના તજજ્ઞોને જોડી ખૂબ જ શ્રેષ્ઠ રીતે શાળાઓ સંચાલિત કરવામાં આવશે.

i) **કાયદાકીય કરાર:**

તબક્કાવાર EOI (Expression of Interest) આમંત્રિત કરી, અરજીઓની ચકાસણી કરી, શોર્ટલિસ્ટેડ અરજદારોની ભલામણ અને મંજૂરીની યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા પછી, GCSE મારફતે શિક્ષણ વિભાગ દ્વારા પ્રોજેક્ટ પાર્ટનર્સ સાથે કરાર કરવામાં આવશે અને તે કરાર થયાની તારીખથી 30 વર્ષ સુધી અમલમાં રહેશે. રાજ્ય સરકાર દ્વારા પરસ્પર સંમતિ સાથે અને જે તે સમયે પ્રવર્તમાન નીતિઓને આધારે 30 વર્ષ બાદ આ કાર્યકાળને વધુ લંબાવી શકાશે.

j) **સમયાંતરે થર્ડ પાર્ટી ફાઇનાન્સિયલ ઓડિટ:**

તમામ શાળાઓએ દૈનિક કામગીરીમાં નાણાકીય ઔચિત્ય અને કાર્યપદ્ધતિનું યોગ્ય રીતે ધ્યાન રાખવાનું રહેશે. ખાસ કરીને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવેલ નાણા સંદર્ભમાં તમામ શાળાઓએ યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન અને હિસાબી પ્રથાઓનું પાલન કરવાનું રહેશે. તમામ શાળાઓ સમયાંતરે થર્ડ પાર્ટી ફાઇનાન્સિયલ ઓડિટ કરવામાં આવશે અને આવા ઓડિટરની નિમણૂક અને તે અંગેનાં ખર્ચની ચૂકવણી શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવશે.

4) **<u>બજેટ અને માર્ગદર્શિકા:</u>**

a) રીકરીંગ ખર્ચ માટે યોગ્ય બજેટ જોગવાઈઓ ચાલુ અને આગામી નાણાંકીય વર્ષના બજેટમાં કરવામાં આવશે. વિદ્યાર્થી દીઠ રીકરીંગ ખર્ચની ઉચ્ચક રકમ દર ક્વાર્ટરમાં એડવાન્સ હપ્તા તરીકે આગળ જણાવેલ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવશે: 09-2202-01-106-10, 09-2202-02-109-07, 95-2202-01-106-13, 95-2202-02-109-04, 96-2202-01-796-37, 96-2202-02-796-23.

b) રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સમાં પ્રવેશની મંજૂરી, પ્રવેશની સંખ્યા અનુરૂપ સિવિલ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક્સ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની લાયકાત, ભોજનની જરૂરિયાતો, તબીબી સહાય, અભ્યાસક્રમ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની સુવિધાઓ વગેરે બાબતો અંગેની વિસ્તૃત માર્ગદર્શિકાઓ અને SOP શિક્ષણ વિભાગ દ્વારા અલગથી જાહેર કરવામાં આવશે. સમયાંતારેઉદ્ભવતા પ્રશ્નો, બદલાતી પરિસ્થિતિઓ અને જરૂરિયાતો અનુસાર જરૂરી ફેરફારો કરવાની અને તે અંગે નિર્ણય લેવાની સત્તા ગવર્નિંગ કાઉન્સિલને રહેશે.

c) આ ઠરાવ વર્તમાન નાણાંકીય વર્ષ 2021-22થી અમલીકૃત થશે. આ ઠરાવનો અમલ રાજ્ય સરકારની પ્રવર્તમાન માર્ગદર્શિકા, નિયમો અને નીતિઓ અનુસાર કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર 29 જુલાઇ, 2021ની નોંધ પર સરકારશ્રીની સંમતિથી જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યપાલના નામે અને હુકમથી.

(sd/-)
ભાવેશ એરડા
અધિક સચિવ, ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્ય મંત્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી , સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, GCERT, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ
- પે એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર, અમદાવાદ/ ગાંધીનગર
- નાણાંકીય સલાહકાર, શિક્ષણ વિભાગ
- સિલેક્ટ ફાઇલ – ચ શાખા.

**GR No. SSA/1121/267258/CH, તા: 31 જુલાઇ, 2021નું પરિશિષ્ટ**

રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ માટે શિક્ષણ વિભાગ દ્વારા પ્રોજેક્ટ પાર્ટનરને દર વર્ષે બાળક દીઠ ઊચ્ચક રકમ ચૂકવવામાં આવશે.

જ્યારે સમગ્ર ખર્ચ માટે મૂડીરોકાણ પ્રોજેક્ટ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવનાર છે ત્યારે શિક્ષણ વિભાગ દરેક વિધાર્થી દિઠ દર વર્ષે પ્રોજેક્ટ પાર્ટનર્સને રિકરિંગ ખર્ચને પહોંચી વળવા નીચે જણાવ્યા પ્રમાણે રકમની ચૂકવણી કરવામાં આવશે.

1. નાણાંકીય વર્ષ 2021-22 માટે બાળક દીઠ રૂપિયા.60,000/- (અંકે રૂપિયા સાઠ હજાર)ની ઊચ્ચક વાર્ષિક રકમ નીચે કોષ્ટકમાં આપેલ તમામ હેડ માટે આપવામાં આવશે. આ બાળક દીઠ રકમમાં દર વર્ષે 7%નો વાર્ષિક વધારો કરવામાં આવશે.
2. શિક્ષકો અને શિક્ષકોના પ્રોત્સાહન માટેનાં હેડ હેઠળ નિર્દેશ કરેલ રકમનો ઉપયોગ શિક્ષકોના પગાર અને પ્રોત્સાહન ખર્ચ માટે જ કરવાનો રહેશે, અન્ય કોઇ પણ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહીં.
3. નીચે આપેલા કોષ્ટકમાં ક્રમ નંબર 2 અને 3 સિવાયના અન્ય હેડ સામે સ્પષ્ટ કરેલ રકમ અંદાજીત છે અને તેનો ઉપયોગ તમામ હેડ અંતર્ગત જરૂર મુજબ કરી શકાશે.
4. વિધાર્થી દિઠ આ ઊચ્ચક રકમ, નીચે જણાવેલ હેડ મુજબ નિર્દેશીત કરવામાં આવી છે:

| ક્રમ | વિગત | રકમ (Rs.) |
|---|---|---|
| 1 | ફૂડ એન્ડ મેસ મેનેજમેન્ટ સામગ્રી અને સ્ટાફ | 20,000 |
| 2 | વિશિષ્ટ શિક્ષકો અને શૈક્ષણિક કર્મચારીઓનો પગાર | 20,000 |
| 3 | શિક્ષકો અને શૈક્ષણિક કર્મચારીઓને પ્રોત્સાહનો અને લાભો | 4,000 |
| 4 | બિન- શૈક્ષણિક સ્ટાફનો ખર્ચ - સપોર્ટિંગ સ્ટાફનો પગાર, સ્પોર્ટ્સ કોચ, સિક્યુરિટી, હોસ્ટેલ મેનેજમેન્ટ સ્ટાફ અને અન્ય | 4,000 |
| 5 | સમારકામ અને જાળવણી - ફર્નિચર, વીજળી, પ્લમ્બિંગ સમારકામ અને સમગ્ર કેમ્પસની જાળવણી, વગેરે. | 6,500 |

| ક્રમ | વિગત | રકમ (Rs.) |
|---|---|---|
| 6 | સ્ટેશનરી, પાઠ્યપુસ્તકો, યુનિફોર્મ અને અન્ય શિક્ષણ સહાય | 2,000 |
| 7 | વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે તબીબી સુવિધાઓ, મકાન અને સંસાધનો માટે વીમો | 1,000 |
| 8 | હોસ્ટેલ અને સ્કૂલ બિલ્ડીંગ મેનેજમેન્ટ, હાઉસકીપીંગ અને સેનિટાઇઝેશન માટે સામગ્રી અને સ્ટાફ સહિત | 1,000 |
| 9 | પરફોર્મિંગ આર્ટસ, સ્પર્ધાત્મક પરીક્ષા કોચિંગ, સ્કીલ ડેવલોપમેન્ટ જેવી અન્ય પ્રવૃત્તિઓ. | 1,500 |
| **પ્રતિ વિદ્યાર્થી વાર્ષિક ઉચ્ચક કુલ રકમ** | | **60,000** |